# અનુક્રમણિકા

હાઈસ્કૂલમાં આપનું સ્વાગત છે

સહભાગી બનો

સંપર્કમાં રહો

સ્કૂલ-વર્ષ કેલેન્ડર

સ્કૂલ પરિસર છોડવું

હાજરીની બાબતો

સમાનતા અને સંમિલિત શિક્ષણ

શિક્ષણ માટે સુરક્ષિત સ્થળો

વિદ્યાર્થીનું સ્વાસ્થ્ય

આકલન, મૂલ્યાંકન અને રિપોર્ટિંગ

વિદ્યાર્થી સેવાઓ

પાથ-વે પ્રોગ્રામ્સ

સંસાધનો

આપના પ્રશ્નોના ઉત્તર મેળવવા

# તૈયાર? ગોઠવાઇ ગયા? હાઈસ્કૂલ!
# માતા-પિતાની માર્ગદર્શિકા

## હાઈસ્કૂલમાં આપનું સ્વાગત છે

બસ તૈયાર થઈ જાવ એ સૌથી રોમાંચક અને મહત્વપૂર્ણ વર્ષો માટે જે આપનું કિશોર વયનું સંતાન સ્કૂલમાં વિતાવી શકે છે. પહેલી વાર, કિશોરો/કિશોરીઓએ પસંદગીઓ કરવી પડશે કે તેઓ શું ભણશે અને કઈ કારકિર્દીનો માર્ગ તેઓ પસંદ કરશે.

હાઈસ્કૂલમાં આપ વધુ શાની અપેક્ષા રાખી શકો છો, આ છે થોડુંક વિશેષ:

- પસંદગી કરવા માટેના વધુ અભ્યાસક્રમો અને કાર્યક્રમો
- કારકિર્દીનો માર્ગ શોધવા પર વધુ ભાર
- નવા શિક્ષકો અને નવા સહાધ્યાયીઓ
- વધારાની પાઠ્યેતર અને સામાજિક તકો
- વધેલી આઝાદી અને જવાબદારી
- વ્યવસ્થાપન અને સમય આયોજનની વધુ આવશ્યકતા

આપના કિશોર/કિશોરી જે પણ માર્ગ પસંદ કરે, અમે એ સુનિશ્ચિત કરવા માગીએ છીએ કે સમગ્ર પરિવાર એ પડકારોનો સામનો કરે અને તે ઘણી તકોને ભેટવા તૈયાર રહે જે આપના કિશોર/કિશોરીના ગ્રેજ્યુએશન પર રાહ જોઇ રહી છે.

આ માર્ગદર્શિકા આપના કિશોર/કિશોરીને સફળ થવામાં મદદ માટે આપે શું જાણવાની જરૂર હશે તેની એક રૂપરેખા આપને પ્રસ્તુત કરશે.

## સહભાગી બનો

માતા-પિતાની સહભાગિતાનો વિદ્યાર્થીની સફળતા પર હકારાત્મક પ્રભાવ પડે છે, તો શા માટે આપના કિશોર/કિશોરીના શિક્ષણમાં સહભાગી ના બનો?

જ્યારે સ્કૂલો અને માતા-પિતાઓ એક સાથે કામ કરે છે, વિદ્યાર્થીઓ અધિક પ્રેરિત થતા હોય છે અને પોતાના સ્કૂલના અનુભવોમાં વધુ સંલગ્ન રહે છે. www.peelschools.org પર જાવ અને *Parents section* માં આ બધું શોધો:

- સ્કૂલોમાં કેવી રીતે સહભાગી બનીને સ્વેચ્છાએ પોતાની જાતને કેવી રીતે સમર્પિત કરાય તે શોધો
- ટિપ શીટ્સ અને માતા-પિતાનાં અન્ય સંસાધનોને ડાઉનલોડ કરો
- બોર્ડની પેરેન્ટ ઇન્વોલ્વમેન્ટ કમિટી (PIC) વિષે જાણો
- સ્કૂલ કાઉન્સિલ્સ વિષે જાણકારી મેળવો

### પેરેન્ટ ઇન્વોલ્વમેન્ટ કમિટી (PIC)

પીઆઇસી (PIC)ના હેતુ આ છે:

- સ્કૂલોમાં તથા સમગ્ર પીલ બોર્ડમાં માતા-પિતાઓની અર્થપૂર્ણ સહભાગિતાને ટેકો કરવો, પ્રોત્સાહિત કરવી અને ઉત્તેજન આપવું
- સ્કૂલ કાઉન્સિલ્સ અને અન્ય માતા-પિતાઓ તથા સહભાગીઓની સલાહ અને વિચારો માંગવા કારણ કે તેઓ વધુ માતા-પિતાઓને સામેલ કરવાની યોજના બનાવે છે અને તેના પર અમલ કરવાની રણનીતિ પ્રાદેશિક કક્ષાએ બનાવે છે
- સ્કૂલ બોર્ડના સહયોગથી કામ કરવું
- જે માતા-પિતાઓને સહભાગિતામાં વધુ પડકાર લાગે છે તેમના સહિતના, માતા-પિતાઓની સહભાગિતા અને સુલભતા વધારવાની રણનીતિઓ વિકસિત કરવી
- વિદ્યાર્થી સફળતાનું સમર્થન કરવું

પીઆઇસી (PIC) વિષે વધુ જાણકારી માટે, www.peelschools.org/PIC પર જાવ

## સંપર્કમાં રહો—આપની સ્કૂલની વેબસાઇટ પર જાવ

સંપર્કમાં રહેવા માટે અને સ્કૂલના સમાચારો અંગે અદ્યતન રહેવા માટે સ્કૂલ વેબસાઇટ એક સરસ માર્ગ છે. સ્કૂલ અને બોર્ડની વેબસાઇટો પર ઇલેક્ટ્રોનિક સભ્યપદ સેવા ઉપલબ્ધ હોય છે.

પોતાનું ઇમેલ સરનામું દાખલ કરવાથી, આપ સ્કૂલ તથા પીલ બોર્ડના સમાચારો પ્રાપ્ત કરવા માટે સભ્યપદ લઈ શકો છો. આપ જે પણ બાબતો પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તેની પસંદગી કરો, જે માહિતી માગવામાં આવી છે તે ભરો, અને આપ નિયમિત રીતે ઇમેલ મેળવવા લાગશો. બોર્ડના હોમ પેજ પર સબસ્ક્રાઇબ *Subscribe* બટન શોધો, અને અપડેટ્સ પ્રાપ્ત કરવા નોંધણી કરાવવા આપની સ્કૂલની વેબસાઇટ પર ડાબી બાજુની *Subscribe* લિંક પર ક્લિક કરો.

સ્કૂલ વ્યવસ્થાની માહિતી માટે પીલ બોર્ડની વેબસાઇટ—www.peelschools.org— પણ એક શાનદાર સ્ત્રોત છે. પોતાના કિશોર/કિશોરીની સફળતાને ઉત્તેજન આપવામાં સહાયતા કરનારાં સલાહ-સૂચનો માટે *Parents section* પર જાવ .

સૂચન: એ સુનિશ્ચિત કરો કે સ્કૂલ પાસે આપના સંપર્કની સાચી માહિતી હોય. સંદેશાઓ ફોન, ટેક્સ્ટ અને ઇમેલથી સિનરવોઇસ સિસ્ટમ synervoice system દ્વારા મોકલવામાં આવે છે.

## વિદ્યાર્થી-પુસ્તિકા

દરેક સ્કૂલ-વર્ષની શરૂઆતમાં, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પાસેથી એ અપેક્ષા રાખવામાં આવે છે કે વિદ્યાર્થી-પુસ્તિકા સ્ટુડન્ટ હેન્ડબુકની સમીક્ષા કરે, જે છપાયેલી અથવા સ્કૂલની વેબસાઇટ પર ઉપલબ્ધ હશે. વિદ્યાર્થી-પુસ્તિકામાં સ્કૂલના ઉદ્દેશ, પરિકલ્પના અને મૂલ્યો વિષે જાણકારીનો સમાવેશ હોય છે, વિદ્યાર્થીઓને સ્કૂલની આચાર સંહિતા -કોડ ઑફ કન્ડક્ટ- વિષે માહિતગાર કરાવે છે, વિદ્યાર્થીની શૈક્ષણિક સફળતાઓમાં વિદ્યાર્થી, માતા-પિતા, અને સ્કૂલના કર્મચારીગણ જે ભૂમિકા નિભાવવાના છે તેની રૂપરેખા આપે છે અને આકલન અને મૂલ્યાંકન નીતિનું વર્ણન કરે છે. એ અપેક્ષા કરવામાં આવે છે કે માતા-પિતા અને વિદ્યાર્થી બન્ને વિદ્યાર્થી પુસ્તિકા -સ્ટુડન્ટ હેન્ડબુક-ની સમીક્ષા કરે.

### સ્કૂલ-વર્ષ કેલેન્ડર

સ્કૂલ-વર્ષ કેલેન્ડર *www.peelschools.org/calendar* પર લગાવવામાં આવે છે અને તેમાં સામેલ હોય છે:

- વર્ગોના પ્રથમ અને અંતિમ દિવસ
- પવિત્ર દિવસો અને રજાઓ, બ્રેક સહિત
- વ્યાવસાયિક પ્રવૃત્તિઓના દિવસો
- ટર્ન-અરાઉન્ડ દિવસ
- પરીક્ષાના દિવસો
- વર્ષાંત રિપોર્ટિંગ દિવસ

સ્કૂલ આધારિત પ્રવૃત્તિઓ ક્યારેક સ્કૂલ વેબસાઇટ કેલેન્ડર પર લગાવવામાં આવે છે.પોતાની સ્કૂલની વેબસાઇટને તપાસો અને ભાવિ પ્રવૃત્તિઓ વિષે જાણકારી માટે સભ્યપદ મેળવો.

## પૅરેન્ટકનેક્ટ

ઘણી સ્કૂલો માતા-પિતાઓને લૉગ-ઇન આપે છે જેથી તેઓ પોતાનાં કિશોર/કિશોરીની હાજરી, ક્રેડિટ હિસ્ટ્રી અને ડિપ્લોમા સ્ટૅટસ તથા અભ્યાસક્રમની પસંદગી તેમજ અન્ય માહિતીઓ વિષે જાણકારી સુલભ કરી શકે. આપ કેવી રીતે નોંધણી કરાવી શકો છો તે શોધવા માટે (પોતાની સ્કૂલની

વેબસાઇટની જમણી બાજુ) *ParentConnect બટન* શોધો. જાણકારી મેળવવા આપ પોતાનાં કિશોર/કિશોરીની સ્કૂલનો પણ સંપર્ક કરી શકો છો.

## સ્કૂલ પરિસર છોડવું

હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પોતાના ભોજનના વિરામ અને/અથવા અધ્યયન તાસ માટે સ્કૂલ સંપત્તિ છોડવાની પરવાનગી હોય છે. ઘણા વિદ્યાર્થીઓ ઘેર જવાનું કે નજીકના રેસ્તોરાંઓમાં અને વેપારી સંકુલોમાં જવાનું પસંદ કરતા હોય છે.

સ્કૂલ પરિસર છોડવા માટે વિદ્યાર્થીઓને વિશેષ પરવાનગી આવશ્યકતા નથી હોતી. જો કે હાઈસ્કૂલમાં દરેક તાસમાં હાજરી લેવામાં આવતી હોય છે, જો વિદ્યાર્થી પોતાના ભોજનના વિરામ પછી પરત ન આવે તો સ્કૂલો હાજરીની પૅટર્ન પરથી એ નક્કી કરવા સક્ષમ હોય છે. કર્મચારીગણ યોગ્ય રીતે હસ્તક્ષેપ કરશે, જેમાં ઘેર ફોન કરવો પણ સામેલ હોય છે.

## હાજરીની બાબતો

આપના કિશોર/કિશોરીની સફળતાને ઘણી બાબતો પ્રભાવિત કરે છે. સૌથી મહત્વનું કારણ હોય છે નિયમિત અને સમયસર હાજર રહેવું. જો આપના કિશોર/કિશોરીએ સ્કૂલનો સૌથી વધુ ફાયદો ઉઠાવવો હોય તો સમય પર વર્ગમાં પહોંચવું અને ગેરહાજરીઓએને ટાળવી નિર્ણાયક થશે.

### *ગેરહાજરીની જાણ કરવી*

જો આપના કિશોર/કિશોરી અનુપસ્થિત રહેવાના હોય, તો સ્કૂલનો સમય આરંભ થતા પહેલાં સ્કૂલને બનતી ત્વરાએ ફોન કરી દો. જો અનુપસ્થિતિની જાણ ન કરાઇ, તો દિવસના પછીના ભાગ દરમિયાન માતા-પિતાને ફોન કરીને પૂછવામાં આવશે કે તેમનો કિશોર/તેમની કિશોરી દિવસના એક હિસ્સા પૂરતા કે સ્કૂલના સમગ્ર દિવસ માટે ગેરહાજર રહેવાનો/રહેવાની છે.

### *મોડા આવવું*

જો કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થિની સ્કૂલમાં અથવા વર્ગમાં મોડા આવે, તો માતા-પિતાઓ અને વિદ્યાર્થીઓએ શું કરવું તેની સૂચનાઓ માટે સ્કૂલની લેટ પોલીસી -વિલંબ નીતિ-નો સંદર્ભ કરવો જોઇએ.

### *વૅકેશનની રજાઓનું આયોજન*

જ્યારે પારિવારિક પ્રવાસોનું આયોજન કરવાનું હોય, ત્યારે મહેરબાની કરીને તેને સ્કૂલની નિર્ધારિત રજાઓ માટે સાચવી રાખો. શિક્ષણ સંચિત હોય છે, તે એ કુશળતાઓ અને ધારણાઓ દ્વારા નિર્માણ થાય છે જે અગાઉ પરિચિત કરાવી હોય છે. એક વિસ્તૃત સમયગાળા સુધી વર્ગોનું ચૂકવું એ વર્ગખંડની ધારણાઓને ફરીથી શીખવાને અને સાથીદારો સાથે પાછા જોડાવાને પડકારરૂપ બનાવી શકે છે.

### *લાંબા સમયગાળા સુધી અનુપસ્થિતિ*

જો કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થિની ત્રણ દિવસથી વધુ અને 15 દિવસથી ઓછો સમય સ્કૂલથી દૂર રહેશે, તો અનુપસ્થિતિ પહેલાં માતા-પિતાના હસ્તાક્ષરવાળી એક નોંધ કાર્યાલયમાં અવશ્ય આપવી જ પડશે. એ નોંધમાં અનુપસ્થિતિની તારીખો, વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું નામ અને કઈ તારીખે તે પરત આવશે એ અવશ્ય જણાવવું જ પડશે.

જો કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થિની 15 દિવસથી વધુ સ્કૂલથી દૂર રહેશે, તો અનુપસ્થિતિ અગાઉ માતા-પિતા/વાલીના હસ્તાક્ષરવાળી એક નોંધ કાર્યાલયમાં અવશ્ય રજૂ કરવી જ જોઇશે. એ નોંધમાં અનુપસ્થિતિના આરંભની તારીખ અને અંતની તારીખ તેમજ અનુપસ્થિતિનું કારણ અવશ્ય જણાવવું જ જોઇશે. જો નોંધ રજૂ કરવામાં નહીં આવી હોય તો તે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને સ્કૂલના રજિસ્ટરમાંથી કમી કરી દેવામાં આવશે.

# સમાનતા અને સંમિલિત શિક્ષણ

પીલ બોર્ડની *ઇક્વિટિ એન્ડ ઇન્ક્લૂસિવ એજ્યુકેશન પોલીસી #54* સૌને ભણવા અને કામ કરવાનું સુરક્ષિત તથા સ્વસ્થ સહાયક વાતાવરણ પૂરું પાડવાની અને તેને જાળવી રાખવાની બોર્ડની કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ નીતિ પાઠ્યક્રમ અને આકલનથી માંડીને ધાર્મિક અનુકૂલન કરવું, સ્કૂલમાં સ્વાગત કરતા વાતાવરણનું સર્જન કરવું તથા ભેદભાવ અને ઉત્પીડનને રોકવા સુધીના બોર્ડના કાર્યક્રમો, દિશા-નિર્દેશો અને વ્યવહારોનાં તમામ ક્ષેત્રોને પ્રભાવિત કરે છે.

ચરિત્ર વિશેષતાઓ

- કાળજી રાખનાર
- સહયોગી
- પ્રામાણિક
- સંમિલિત થનાર
- આદર આપનાર
- **જવાબદાર**

### *ધાર્મિક અનુકૂલન*

પીલ બોર્ડની ધાર્મિક અનુકૂલનની પ્રક્રિયા, માનવ અધિકારો, સુલભતા અને સમાનતા પ્રત્યેની અમારી કટિબદ્ધતા વિષે જાણવા માટે www.peelschools.org/aboutus/equity પર જાવ.

# શિક્ષણ માટે સુરક્ષિત સ્થળો

એક વાલી માટે, પોતાના કિશોર/કિશોરીની સલામતી અને સ્વાસ્થ્યથી વધીને અન્ય કશું મહત્વપૂર્ણ નથી. અમે એ પ્રાથમિકતાને સહિયારી કરીએ છીએ. અમે અમારા વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણ માટે એક સ્વસ્થ, સહાયકર્તા શિક્ષણનું અને અને કાર્ય કરવાનું વાતાવરણ પૂરું પાડવા કરવા કટિબદ્ધ છીએ.

પીલ શાળાઓ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે કામ કરવાનું તથા ભણવાનું સલામત વાતાવરણ પૂરું પાડે છે. સલામતીને સુનિશ્ચિત કરવા નિયમિત ફાયર ડ્રિલ કરવી, સ્થળ ખાલી કરવાની યોજનાઓ અને નવા આવનારા સ્ટાફ તથા સ્વયંસેવકોના ગુનાહિત ઇતિહાસની તપાસ સહિતની પીલ બોર્ડની ઘણી પ્રક્રિયાઓ છે.

*સલામતી પર ધ્યાન કેન્દ્રિત*

પીલ બોર્ડની સેફ સ્કૂલ્સ પૉલીસી *એજ્યૂકેશન એક્ટ* તથા *ઑન્ટેરિઓ કોડ ઑફ કન્ડક્ટ* અને *હ્યુમન રાઇટ્સ કોડ* પર આધારિત છે. આ નીતિ સ્કૂલમાંથી ઉપલબ્ધ છે અથવા www.peelschools.org પર સર્ચ બારમાં *Policy #48—Safe Schools* સર્ચ કરો.

*કોડ ઑફ કન્ડક્ટ*

પ્રાદેશિક અને પીલ બોર્ડની નીતિઓ પર આધારિત, દરેક સ્કૂલનો પોતાનો કોડ ઑફ કન્ડક્ટ હોય છે, જે સ્ટુડન્ટ હેન્ડબુકમાં સામેલ હોય છે. તે વિદ્યાર્થીઓ, માતા-પિતા/વાલીઓ, સ્વયંસેવકો અને સ્કૂલના કર્મચારીગણ સહિત સ્કૂલ-સમૂહના તમામ સભ્યો પર લાગુ હોય છે, ભલે તેઓ સ્કૂલની સંપત્તિ પર હોય, સ્કૂલ-બસો પર હોય, સ્કૂલના અધિકૃત કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓમાં, અથવા એવી કોઇપણ પરિસ્થિતિમાં હોય જે સ્કૂલના વાતાવરણને પ્રભાવિત કરી શકતી હોય.

સ્કૂલના કોડ ઑફ કન્ડક્ટનું સન્માન અને આદર કરવો, યોગ્ય રીતે વર્તન કરવું અને પોતાનાં કાર્યોની સ્વયં જવાબદારી લેવી એ સ્કૂલ-સમૂહના તમામ સભ્યોની જવાબદારી છે.

*બદમાશીને અટકાવવી અને હસ્તક્ષેપ*

સમગ્ર પીલ બોર્ડમાં, સ્કૂલો બદમાશી રોકવા અને જ્યારે પણ એ બને હસ્તક્ષેપ કરવા ઘણા કાર્યક્રમો અને પહેલનો ઉપયોગ કરે છે. દરેક સ્કૂલની એક ક્લાઇમેટ ફોર લર્નિંગ એન્ડ વર્કિંગ ટીમ હોય છે, જે સ્કૂલ સક્સેસ પ્લાનના ભાગ રૂપે બુલિઇંગ પ્રિવેન્શન એન્ડ ઇન્ટરવેન્શન પ્લાન વિકસિત કરે છે.

બદમાશીના મુદ્દાઓને સ્કૂલો અત્યંત ગંભીરતાથી લે છે. એકવાર બદમાશીનો હેવાલ થાય તો બોર્ડની સેફ સ્કૂલ્સ પોલીસી અને સ્કૂલનો કોડ ઑફ કન્ડક્ટ સામેલ થયેલા તમામ વિદ્યાર્થીઓ (અથવા વ્યક્તિઓ) માટે યોગ્ય શિસ્ત સમર્થનો અને પરિણામોનું માર્ગદર્શન કરે છે. ચિંતિત માતા-પિતાઓને સ્કૂલનો સીધો સંપર્ક કરવા માટે અમે પ્રોત્સાહિત કરીએ છીએ.

## વિદ્યાર્થીનું સ્વાસ્થ્ય

પીલ બોર્ડ ખાતે, અમે બધાના શિક્ષણ અને કામ કરવામાં અનુકૂળ એવાં સલામત અને સ્વસ્થ વાતાવરણો પૂરું પાડવાનો અને તેને ટકાવી રાખવાનો પ્રયાસ કરીએ છીએ. અમારો કટિબદ્ધ, સમર્પિત

અને ધ્યાન રાખનારા લોકોનો વિવિધતાપૂર્ણ સ્ટાફ તમામ વિદ્યાર્થીઓને ટેકો આપવામાં સુયોગ્યતા-પ્રાપ્ત છે.

જો તેઓ પોતાની જાતને નિરુપાય અથવા નિરુત્સાહ સમજતા હોય, તો અમે વિદ્યાર્થીઓને સ્વયં હિમાયત માટે- સ્કૂલમાં જેમના પર તેઓ ભરોસો કરતા હોય એવી પુખ્ત વ્યક્તિ સાથે વાતચીત કરવા-પ્રોત્સાહિત કરીએ છીએ. સ્ટાફના સભ્યો તેમની ચિંતાઓ સાંભળવા મુક્ત-મન હોય છે અને યોગ્ય સમર્થનો સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

મદદ માટે માર્ગદર્શક સલાહકાર, શિક્ષકો અને વહીવટકર્તાઓ હાજર હોય છે. સ્કૂલમાં સ્થિત મનોવૈજ્ઞાનિક, સામાજિક કાર્યકર અને સ્ટુડન્ટ સક્સેસ ટીચર્સ પણ એવા વિદ્યાર્થીઓને સહાયતા કરવા ઉપલબ્ધ હોય છે જે મુશ્કેલીનો અનુભવ કરતા હોય અથવા સંઘર્ષ કરી રહ્યા હોય.

જો આપને પોતાના કિશોર/કિશોરીના સ્વાસ્થ્ય અંગે કોઇ સાથે વાત કરવી હોય, તો મહેરબાની કરીને સ્કૂલના કોઇ માર્ગદર્શક સલાહકારનો સંપર્ક કરો અથવા ઉપ-આચાર્યો પૈકીના એક સાથે વાતચીત કરો.

## આકલન, મૂલ્યાંકન અને રિપોર્ટિંગ

**"આકલન અને મૂલ્યાંકનનો પ્રાથમિક ઉદ્દેશ્ય વિદ્યાર્થીના ભણતરને સુધારવાનો છે"**

આકલન, મૂલ્યાંકન અને રિપોર્ટિંગથી સંબંધિત પ્રક્રિયાઓ શિક્ષણ મંત્રાલય અને બોર્ડની નીતિઓથી પ્રશાસિત થાય છે. એપ્રિલ ૨૦૧૦માં, મંત્રાલયે *ગ્રોઇંગ સક્સેસ (Growing Success)* એક નીતિ વિષયક

દસ્તાવેજ, જે ઑન્ટેરિઓ સ્કૂલોમાં ગ્રેડ1 થી 12ના વિદ્યાર્થીની સિદ્ધિના આકલન, મૂલ્યાંકન અને રિપોર્ટિંગને નિર્દેશિત કરે, પ્રકાશિત કર્યો. *ગ્રોઇંગ સક્સેસ* (Growing Success) મંત્રાલયની નીતિને અદ્યતન કરવી, સ્પષ્ટિકરણ કરવું અને મંત્રાલયની નીતિને પ્રદેશભરમાં સમન્વિત કરવી, અને નિષ્પક્ષતા, પારદર્શકતા, સમાનતા અને સંગતતાનો ઉદ્દેશ રાખે છે.

*ગ્રોઇંગ સક્સેસ* (Growing Success) વિષે વધુ જાણકારી મેળવવા, www.edu.gov.on.ca/eng/parents/reportcard.html. પર જાવ.

## *વિદ્યાર્થીઓનું આકલન કેવી રીતે થાય છે?*

આકલન વિવિધ સ્રોતો દ્વારા, માહિતીઓ એકત્ર કરવાની પ્રક્રિયા છે, માહિતીઓ જે સાચી રીતે દર્શાવતી હોય કે એક વિદ્યાર્થીએ એક વિષય અથવા કોર્સમાં પાઠ્યક્રમની અપેક્ષાને કેટલી સારી રીતે સિદ્ધ કરી છે. શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રતિભાવ આપવા માટે અવલોકનો, વાતચીતો અને ઉત્પાદનો મારફત એકત્ર કરવામાં આવેલી માહિતીનો ઉપયોગ કરશે. વર્ગમાં ત્રણ પ્રકારનાં આકલન થાય છે: આકલન શિક્ષણ*ની* માફક, શિક્ષણ *માટે* આકલન અને શિક્ષણ*નું* આકલન.

### *સત્ર-કાર્ય*

વિદ્યાર્થીના અંતિમ ગ્રેડ, સમગ્ર સત્ર દરમિયાન જે શિક્ષણ તેઓ પ્રદર્શિત કરે, ખાસ ભાર દરેક કોર્સની અપેક્ષાઓના સૌથી તાજા અને સૌથી સુસંગત પ્રદર્શન પર મૂકીને, નિર્ધારિત થાય છે. શિક્ષણનું પ્રદર્શન પ્રસ્તુતિકરણથી, સંમેલનોથી, વેબસાઇટ્સ, ટેસ્ટ્સથી, અને/અથવા કાર્યસિદ્ધિથી થઈ શકે છે.

વિદ્યાર્થીઓ દ્વારા સત્ર દરમિયાન પૂર્ણ કરેલાં કેટલાંક આકલન નિર્માણાત્મક હશે (શિક્ષણ*ની માફક*, શિક્ષણ *માટે* આકલન*)*, અથવા વિદ્યાર્થી (અને શિક્ષક)ને એ માહિતી આપવાના ઉદ્દેશ પૂરા કરે છે કે તેઓ સફળતાના માપદંડને કેટલા નજીકથી પૂરા કરે છે અને તેમને શું સુધારવાની આવશ્યકતા છે. અન્ય આકલન યોગાત્મક (શિક્ષણ*નું* આકલન) હોય છે- વિદ્યાર્થીના શિક્ષણનું શિક્ષક આકલન કરશે અને તેમને ગ્રેડ અથવા લેવલ નક્કી કરશે.

### *શિક્ષણની કુશળતાઓ અને કાર્ય-આદતો*

શિક્ષણની કુશળતાઓ અને કાર્ય-આદતો વિદ્યાર્થીઓને વધુ અસરકારક કઈ રીતે ભણવું, સ્વતંત્ર વિદ્યાર્થી તરીકેની તેમની સંભાવનાને વિકસિત કરવી અને પોતાના શિક્ષણનું સ્વામિત્વ સ્વીકારવું તે જાણવા દે છે. તેને વિદ્યાર્થીની કોર્સ અપેક્ષાઓની સિદ્ધિથી અલાયદી મૂલ્યાંકિત કરવામાં આવે છે.

### *મારા કિશોર/કિશોરીનું મૂલ્યાંકન કેવી રીતે થશે?*

મૂલ્યાંકન વિદ્યાર્થીની શીખવાની ગુણવત્તાના સ્થાપિત માપદંડોના આધાર પર આંકવાની અને તે ગુણવત્તાનું પ્રતિનિધિત્વ કરનારું મૂલ્ય આપવાની પ્રક્રિયા હોય છે. તે ભણવાના આકલનો પર આધારિત હોય છે, જે ગ્રેડ/વિષય/પાઠ્યક્રમની શરૂઆતથી અંત દરમિયાન અગત્યના સમયો પર, ઘણીવાર અભ્યાસના અંતિમ સમયે, વિદ્યાર્થીની ઉપલબ્ધિના આંકડા આપે છે.

શિક્ષકો અવલોકનો, વાતચીતો અને વિદ્યાર્થી ઉત્પાદનો (જેવાં કે સંમેલનો, પ્રદર્શનો, તપાસો, પ્રયોગો, પ્રયોગશાળાઓ અને નિયત કાર્યો) વડે વિદ્યાર્થીઓના એક સમયગાળાના ભણવાના પુરાવાઓ એકત્ર કરે છે અને વિદ્યાર્થીઓના ગ્રેડ નક્કી કરવા માટે આ પુરાવાઓ સાથે વ્યાવસાયિક ચુકાદાનો પણ ઉપયોગ કરે છે. એક રિપોર્ટ કાર્ડના ગ્રેડ નિર્ધારિત કરવામાં પુરાવાઓ અંગેનાં શિક્ષકનાં અર્થઘટન પણ સામેલ હોય છે અને તે વિદ્યાર્થીની ઉપલબ્ધિના લગાતાર સ્તરને, વિશેષ ધ્યાન સૌથી તાજા પુરાવાઓ પર આપતાં, પ્રતિબિંબિત કરનારાં હોવાં જોઇએ. આ મૂલ્યાંકન, રિપોર્ટ કાર્ડ ગ્રેડ્સ અથવા ગુણાંકનો આધાર બને છે, અને તે એટલા માટે બનાવવામાં આવે છે જેથી પ્રગતિની જાણ વિદ્યાર્થીઓને અને માતા-પિતાઓને કરી શકાય.

### *અંતિમ મૂલ્યાંકનો*

અંતિમ મૂલ્યાંકન પીલ બોર્ડના પ્રકાશિત કેલેન્ડર અનુસાર થાય છે. દરેક સ્કૂલ અંતિમ મૂલ્યાંકન કેવી રીતે કરે છે, તેના વિષેની જાણકારી પરિવારોને સપ્ટેમ્બરમાં વહેંચવામાં આવશે. વિદ્યાર્થીના ગ્રેડના છેલ્લા ૩૦ ટકા અંતિમ મૂલ્યાંકનના સમયગાળામાં નક્કી થાય છે, જે દરેક સેમેસ્ટરનાં છેલ્લાં કેટલાંક અઠવાડિયાંમાં થાય છે. આ સમયગાળાઓ દરમિયાન, વિદ્યાર્થીઓને એ કાર્યો પૂર્ણ કરવાનું જણાવવામાં આવે છે જે તેમણે આખા સેમેસ્ટર દરમિયાન પ્રાપ્ત કરેલી કુશળતાઓ અને જ્ઞાનને પ્રદર્શિત કરતા હોય. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓએ ચોક્કસ જ હાજર રહેવું જોઇએ કારણ કે શિક્ષણની આ તકો એક શિક્ષકની દેખરેખમાં જ થવી જોઇએ.

### *સ્પેર્સ/સ્ટડી પિરિઅડ્સ*

જ્યારે વિદ્યાર્થી ગ્રેડ 9 અને 10માં હોય છે, તે દિવસની શરૂઆતથી અંત સુધી સ્ટડી પિરિઅડ્સ ‘અધ્યયન સમયગાળાઓ’ (ક્યારેક જેને ‘સ્પૅર્સ’ પણ કહેવામાં આવે છે)ને પાત્ર નથી હોતા. જેમ જેમ વિદ્યાર્થી વરિષ્ટ ગ્રેડમાં જાય છે તેમની શીખવાની ગતિ બદલાય છે, જે એક સમયગાળાને અધ્યયનની અવધિ તરીકે નક્કી કરી શકે છે. જો વિદ્યાર્થી એમ કરવાનું પસંદ કરે, તો તેણે પોતાના સમયનો ઉપયોગ, ઘેર અથવા સ્કૂલમાં પોતાના કાર્યબોજનું વ્યવસ્થાપન કરીને અને અન્ય અભ્યાસેતર જવાબદારીઓનું અનુકૂલન કરીને, બુદ્ધિગમ્ય રીતે જ કરવું જોઇએ.

*રિપોર્ટિંગ*

રિપોર્ટિંગ વિદ્યાર્થીના શિક્ષણ અંગે માતા-પિતાઓ અને વિદ્યાર્થીઓને જાણ કરવાની એક પ્રક્રિયા છે. રિપોર્ટ કાર્ડ્સ નિરંતર સંચારનો એક ભાગ છે જે વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓને વર્ણનાત્મક પ્રતિભાવ પૂરા પડે છે જે સ્પષ્ટ, વિશિષ્ટ, અર્થપૂર્ણ અને ભણતર તથા ઉપલબ્ધિમાં સમયસર સુધારો કરવામાં સહાયતા કરતું હોય. મિડટર્મ રિપોર્ટ્સ સેમેસ્ટરના મધ્યભાગમાં એક વાર જાહેર કરવામાં આવે છે. ફાઇનલ રિપોર્ટ કાર્ડ્સ બન્ને સત્રોના અંતમાં - ફેબ્રુઆરી અને જૂનમાં- જાહેર કરવામાં આવે છે.

**ઇક્યૂએઓ (EQAO)**

ઍજ્યૂકેશન ક્વૉલિટી એન્ડ એકાઉન્ટેબિલિટી ઑફિસ (EQAO) ઓન્ટેરિઓ સરકાર દ્વારા નિધિબદ્ધ એક સ્વતંત્ર પ્રાદેશિક એજન્સી છે. **ઇક્યૂએઓ** (EQAO)નો જનાદેશ છે દરેક વિદ્યાર્થીના શિક્ષણના મહત્વના બિંદુઓ પર પ્રદેશવ્યાપી ટેસ્ટ્સનું સમ્ચાલન કરવું અને તેનાં પરિણામોને શિક્ષણશાસ્ત્રીઓ, માતા-પિતાઓ અને જનતાને અહેવાલિત કરવાં. **ઇક્યૂએઓ** (EQAO) વિદ્યાર્થીઓની ઑન્ટેરિઓ ક્યૂરિક્યુલ્મની અપેક્ષાઓના સંદર્ભથી વાંચવા, લખવા અને ગણિતશાસ્ત્રની ઉપલબ્ધિઓને આંકે છે.

**ઇક્યૂએઓ** (EQAO) વિદ્યાર્થીઓનું આકલન સ્કૂલ કારકિર્દીની શરૂઆતથી અંત સુધી કરે છે:

- ગ્રેડ 3 વાંચવા, લખવા અને ગણિતનું આકલન
- ગ્રેડ 6 વાંચવા, લખવા અને ગણિતનું આકલન
- ગ્રેડ 9 ગણિતનું આકલન— ગ્રેડ 9 અકાદમિક અથવા એપ્લાઇડ મેથેમેટિક્સમાં ક્રેડિટ પર કામ કરી રહેલા તમામ વિદ્યાર્થીઓ માટે ભાગ લેવો આવશ્યક છે
- ગ્રેડ 10 ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ લિટરસી ટેસ્ટ (OSSLT) - ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ ડિપ્લોમા કમાવા માટે આ ટેસ્ટનું સફળ સમાપન આવશ્યકતાઓ પૈકીની એક છે.

**ઇક્યૂએઓ** (EQAO) દરેક એ વિદ્યાર્થીનો વ્યક્તિગત રિપોર્ટ વહેંચે છે જે ટેસ્ટ લખે છે અને સ્કૂલનાં, સ્કૂલ બોર્ડનાં અને પ્રદેશનાં પરિણામો પોતાની વેબસાઇટ પર લગાવે છે. સ્કૂલ અને સ્કૂલ બોર્ડ પણ EQAOના આંકડાઓના પોતાના રિપોર્ટ્સ માતા-પિતાઓ અને તેમના સમૂહોમાં અન્યોને વિતરણ માટે તૈયાર કરે છે. વધુ જાણકારી અહીંથી મેળવો: www.peelschools.org/parents/eqao.

*હોમવર્ક*

પીલ બોર્ડ સ્કૂલના કાર્યક્રમોમાં ગૃહકાર્યના સમાવેશનું સમર્થન કરે છે અને શિક્ષણથી સંબંધિત ગૃહકાર્યની અપેક્ષાઓને શિક્ષણ શાસ્ત્રીઓ દ્વારા સ્પષ્ટ અને પ્રભાવક રીતે સૂચિત કરવાની આવશ્યકતાને માન્ય કરે છે.

પીલ બોર્ડ માન્ય કરે છે કે અપેક્ષાઓ વિદ્યાર્થીની સ્કૂલની બહારની જિંદગી સાથે અવશ્ય સંતુલિત હોવી જોઇએ. પરિણામે, આ ભલામણ કરવામાં આવે છે કે સ્કૂલ કેલેન્ડરમાં દર્શાવેલા નિર્ધારિત પવિત્ર દિવસો અને રજાઓમાં ગૃહકાર્ય અ આપવામાં આવે.

ગૃહકાર્ય નીતિ સ્કૂલમાંથી ઉપલબ્ધ છે અથવા www.peelschools.org પર સર્ચ બારમાં *Policy #70* માટે શોધો.

***પીલ બોર્ડ બીઆયઓડી (BYOD)નું સમર્થન કરે છે***

આજના વિદ્યાર્થી તકનીકી રીતે પહેલેથી જ અગ્રેસર હોય છે. સંશોધનો આપણને જણાવે છે કે જો તેને આપણે તેમના શિક્ષણના અનુભવોમાં પ્રતિબિંબિત કરીએ, જે વિદ્યાર્થીની સફળતાને સુધારવાનું કામ કરે છે. આ કારણથી ૨૧મી સદી માટે ભણાવવા અને ભણવાની અમારા બોર્ડની પરિકલ્પના અને અમારું 'આપનાં પોતાનાં સાધનો લાવો' Bring Your Own Device (BYOD) અભિગમ આટલા બધા રોમાંચક છે.

પીલના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીનો વધેલો ઉપયોગ તેમને આજે અને ભવિષ્યમાં કેવી મદદ કરે છે તેના વિષે વધુ જાણો www.peelschools.org/byod પર.

## વિદ્યાર્થી સેવાઓ

## મેકિંગ માય વે

પોતાની જિંદગીનો રાહ પસંદ કરવામાં સમય અને આયોજનની આવશ્યકતા હોય છે. ભલે તેમાં આગળ ભણતર અને/અથવા તાલીમ સામેલ થતી હોય, શિક્ષાર્થી બનવામાં સહભાગી બનવાનું હોય કે સીધા નોકરી કરનારાઓમાં દાખલ થવાનું હોય, વિદ્યાર્થીઓની પોતાની રુચિ, કુશળતા અને ક્ષમતાઓ શોધવા માટે સ્કૂલો પાસે સંસાધનો અને તકોનો ખજાનો હોય છે.

હાઈસ્કૂલ પછી આપને જાણકાર નિર્ણય કરવામાં અને પોતાના વિકલ્પો શોધવામાં મદદ કરવા માટે *MakingMyWay.ca* ઑનલાઇન સંસાધનો અને સાધનો ઓફર કરે છે. વિચાર કરવા માટે મુખ્ય પાંચ રાહ- પાથ-વે છે:

- એપ્રેન્ટિસશીપ
- કૉલેજ
- સમૂહમાં રહેવું
- યુનિવર્સિટી
- કાર્યસ્થળ

દરેક પાથ-વે એવા મૂલ્યવાન કૌશલ્યો અને અનુભવો પૂરા પાડે છે જે નોકરીના ભાવિ બજારમાં આવશ્યક હશે. વિદ્યાર્થીઓ પાસે, જેમ જેમ તેઓ અને તેમની આસપાસની દુનિયા બદલાય છે, પોતાના પાથ-વે પ્લાનને આજીવન અમલ, સંશોધન અને અનુકૂલ કરવાની પોતાની ક્ષમતામાં, વિશ્વાસ હોવો જોઇએ.

વિદ્યાર્થીઓને તેમની હાઈસ્કૂલ યાત્રાની શરૂઆતથી અંત સુધી કરિયર/જીવન આયોજનના ચાર મહત્વપૂર્ણ પ્રશ્નો (*Creating Pathways to Success: An education and career/life planning program for Ontario schools*, ઑન્ટેરિઓ મિનિસ્ટ્રિ ઑફ ઍજ્યૂકેશન, 2013) પર વિચારણા કરવાનું જણાવવામાં આવશે.:

- હું કોણ છું?
- મારે માટે કઈ તકો છે?
- હું શું બનવા માગું છું?
- મારાં લક્ષ્યોની સિદ્ધિ માટેની મારી શી યોજનાઓ છે?

***myBlueprint***

www.myBlueprint.ca/Peel એક ઑનલાઇન આયોજન-સાધન છે જે પીલ બોર્ડમાં ગ્રેડ 7થી 12ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. આ આયોજન-સાધન વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓ માટે ઘેર ઉપલબ્ધ હોય છે અને તેમાં વિશેષતાઓ સામેલ છે જેવી કે:

- હાઈસ્કૂલ કોર્સની પસંદગી
- લક્ષ્ય-નિર્ધારણ
- શિક્ષણ પદ્ધતિની યાદીઓ
- આર્થિક આયોજન
- રસની યાદીઓ
- વ્યવસાય આયોજક
- રેઝ્યુમી અને કવર લેટર નિર્માતા
- સેકન્ડરી પછીના વિકલ્પો અને કાર્યક્રમોની સરખામણી કરવી

*કોર્સની પસંદગી*

ગ્રેડ 9 અને10ના વિદ્યાર્થીઓ માટે ચાર અલગ પ્રકારના કોર્સ હોય છે.:

- અકાદમિક કોર્સ જે સૈદ્ધાંતિક અને અમૂર્ત ઘટકો પર કેન્દ્રિત હોય છે. આ કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે સૌથી યોગ્ય હોય છે જેઓ સ્વતંત્ર ભણનારા હોય અને ઝડપથી ભણવાના વાતાવરણનો આનંદ લેતા હોય.
- એપ્લાઇડ કોર્સ વ્યવહારિક અને અનુપ્રયોગો તથા નક્કર ઉદાહરણો પર કેન્દ્રિત હોય છે. વિદ્યાર્થીઓના ટેકા માટે પાઠ ચારે તરફથી સુરક્ષિત હોય છે.
- સ્થાનિક રીતે વિકસિત કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે બનાવ્યા હોય છે જેમને નરમાશ અને ટેકાની જરૂરિયાત હોય છે.
- ઓપન કોર્સ કલા, આરોગ્ય તથા શારીરિક શિક્ષણ અને વેપારી અધ્યયન -બિઝનેસ સ્ટડીઝ- જેવા ક્ષેત્રોમાં વૈકલ્પિક પાઠ્યક્રમ છે.

પાઠ્યક્રમોની પસંદગી કરતી વખતે વિદ્યાર્થીઓ અને માતા-પિતાઓએ પાછલા વર્ષના શિક્ષકોની ભલામણ પર ધ્યાન આપવું જોઇએ. વિદ્યાર્થી પોતાની શક્તિઓ અને આવશ્યકતાઓથી યોગ્ય વિભિન્ન પ્રકારની પસંદગી કરી શકે છે, દાખલા તરીકે, અકાદમિક અને એપ્લાઇડ કોર્સનું એક મિશ્રણ.

પાઠ્યક્રમની પસંદગી એક નિરંતર પ્રક્રિયા છે અને એક વિદ્યાર્થીની વ્યક્તિગત રુચિઓ, ક્ષમતાઓ અને ઉદ્દેશ્યો પર આધારિત હોવી જોઇએ. આ પ્રક્રિયામાં સહાયતા માટે, વિદ્યાર્થીઓને મજબૂતીથી પ્રોત્સાહિત કરવામાં આવે છે કે પ્રસ્તાવિત વર્ગો અંગે તેઓ પોતાના શિક્ષકો સાથે વાતચીત કરે, પાઠ્યક્રમના વર્ણન

ઑનલાઇન વાંચે, પોતાના કાઉન્સેલર અને માતા-પિતા જોડે વાતચીત કરે, અને એવા વિદ્યાર્થીઓ સાથે વાત કરે જેમણે અગાઉ આ વર્ગો લીધા હોય.

જો વિદ્યાર્થી પોતાનો પાઠ્યક્રમ બદલવા માગતા હોય, તો તેમણે શક્ય એટલા જલદી પોતાના માર્ગદર્શક કાઉન્સેલરને મળવું જોઇએ. મહેરબાની કરીને નોંધો કે વિનંતિ કરેલું પરિવર્તન કદાચ સંભવ ન થાય.

### *ચાર્ટ યૉર કોર્સ- કોમન કોર્સ કેલેન્ડર*

***ચાર્ટ યૉર કોર્સ*** *Chart Your Course* પીલ બોર્ડ માટે એક સામાન્ય પાઠ્યક્રમ કેલેન્ડર છે. આ મહત્વપૂર્ણ દસ્તાવેજ પીલ સેકંડરી બોર્ડ સ્કૂલોમાં ઉપલબ્ધ પાઠ્યક્રમોની રૂપરેખા આપે છે. આ માર્ગદર્શિકા www.peelschools.org/students/commoncoursecalendar પર ઑનલાઇન ઉપલબ્ધ હોય છે.

### *ડિપ્લોમાની આવશ્યકતાઓ*

ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ ડિપ્લોમા (OSSD) પ્રાપ્ત કરવા માટે, એક વિદ્યાર્થીએ ચોક્કસ જ:

- ઓછામાં ઓછી 30 ક્રેડિટ્સ મેળવવી જોઇએ, જેમાં સામેલ છે 18 ફરજિયાત અને 12 વૈકલ્પિક ક્રેડિટ્સ
- સામૂહિક સહભાગિતા પ્રવૃત્તિઓના 40 કલાક પૂર્ણ કરે
- ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ લિટરસી ટેસ્ટ (OSSLT) અથવા *ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ લિટરસી કોર્સ (OSSLC)* સફળતાપૂર્વક પૂર્ણ કરે

### *કમ્યૂનિટી સર્વિસ – 40 કલાક*

વિદ્યાર્થીઓને આગળ વધવા માટે સામૂહિક સહભાગિતા પ્રવૃત્તિઓના 40 કલાક ચોક્કસ જ પૂરા કરવા જોઇએ, જે તેઓ ગ્રેડ 9માં પ્રવેશ કરે તેના પહેલાંના ઉનાળાથી એકઠા કરવાનો આરંભ કરી શકે છે. 40 કલાકનું સ્વયંસેવી કાર્ય શોધવું અને તેને પૂર્ણ કરવું તે માટે દરેક વિદ્યાર્થી જાતે જવાબદાર હોય છે. સ્વયંસેવા કરવાની જગ્યાઓ શોધવામાં અને જ્યારે તેઓ પોતાના સ્વયંસેવાનાં કાર્યો પૂરાં કરી રહ્યા હોય ત્યારે તેમના ઉપર દેખરેખ રાખવામાં સ્કૂલ સીધે સીધી સામેલ નહીં થાય.

વિદ્યાર્થી સ્વયંસેવા કરવાની શરૂઆત કરે તે પહેલાં સંભવિત જગ્યાઓ ચકાસવા માટે માતા-પિતા જવાબદાર હોય છે. વધુ માહિતી, યોગ્ય અને અયોગ્ય પ્રવૃત્તિઓની યાદી સહિત, અત્રે મળી શકે છે www.peelschools.org/students/40hours.

# પાથ-વે પ્રોગ્રામ્સ

પીલ બોર્ડના પગદંડી-પાથ વે- કાર્યક્રમ શિક્ષણના વિવિધતાપૂર્ણ અને આકર્ષક અવસરો, વર્ગની અંદર અને બહાર બન્ને જગ્યાઓએ, પૂરા પાડે છે. આ કાર્યક્રમ ગ્રેડ 11 અને 12માં શરૂઆત કરનારા વિદ્યાર્થીઓને ઉપલબ્ધ હોય છે.

### *કો-ઓપરેટિવ એજ્યૂકેશન*

કો-ઓપરેટિવ એજ્યૂકેશન પ્રોગ્રામ (co-op) વિદ્યાર્થીઓને નોકરીની જગ્યા પર શીખવાની સાથે કોર્સના અભ્યાસક્રમને એકીકૃત કરીને ક્રેડિટ્સ કમાવાની પરવાનગી આપે છે. તેઓ ઑન્ટેરિઓ સેકન્ડરી સ્કૂલ ડિપ્લોમા (OSSD) માટે દર સેમેસ્ટરે ચાર ક્રેડિટથી વધુમાં વધુ 12 કો-ઓપ ક્રેડિટનો સમાવેશ કરવાનું આયોજન કરી શકે છે. કામના સ્થળના નિરીક્ષક અને કો-ઓપ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણમાં દેખરેખ રાખવામાં આવે છે અને ટેકો કરવામાં આવે છે. વધુ જાણકારી મેળવવા, પોતાના માર્ગદર્શક કાઉન્સેલરને મળો અથવા www.peelschools.org/CoopEducation પર જાવ.

### *ડ્યુઅલ ક્રેડિટ પ્રોગ્રામ્સ*

બમણી ક્રેડિટ કાર્યક્રમ વિદ્યાર્થીઓને કૉલેજની અને બિન-ફરજિયાત એ બન્ને ક્રેડિટ્સ એક જ સમયે કમાવાનો એક અનોખો અવસર પૂરો પાડે છે. જે કૉલેજ ક્રેડિટ્સ કમાઇ હોય તેને હાઈસ્કૂલ પછી કૉલેજ કાર્યક્રમમાં લાગુ કરી શકાય છે. વિભિન્ન પાઠ્યક્રમોમાંથી કોઇ માટે આવી કોલેજોમાંથી પસંદગી કરો: સેન્ટેનિઅલ, જર્યોર્જ બ્રાઉન, હંબર, સેનેકા અને શેરિડેન. વધુ જાણકારી મેળવવા, પોતાના માર્ગદર્શક કાઉન્સેલરને મળો અથવા www.peelschools.org/DualCredit પર જાવ.

### *ઑન્ટેરિઓ યુથ એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ* (OYAP)

ઓવાયએસપી (OYAP) કાર્યક્રમ વિદ્યાર્થીઓને એક કુશળ કારીગરીના વાતાવરણમાં વહેવારુ, હાથવગી તાલીમ પૂરી પાડે છે જે દરમિયાન તેઓ હાઈસ્કૂલની ક્રેડિટ્સ કમાઇ શકે છે અને સંભવિત કારકિર્દીની શોધખોળ કરી શકે છે. કારીગરીમાં પોતાની કારકિર્દી આગળ વધારવા માગતા વિદ્યાર્થીઓ એક રજીસ્ટર્ડ એપ્રેન્ટિસ બનવાના અને ઑન્ટેરિઓ કૉલેજ ઑફ ટ્રેડ્સના સભ્ય બનવાનું પસંદ કરી શકે છે. વધુ જાણકારી મેળવવા, પોતાના માર્ગદર્શક કાઉન્સેલરને મળો અથવા અથવા www.peelschools.org/OYAP પર જાવ.

### *સ્પેશ્યાલિસ્ટ હાઇ સ્કિલ્સ મેજર* (SHSM)

સ્પેશ્યાલિસ્ટ હાઇ સ્કિલ્સ મેજર (SHSM) કાર્યક્રમમાં વિદ્યાર્થી પોતાના રસ મુજબ એક કારકિર્દીના ક્ષેત્રમાં ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ક્ષેત્ર-વિશેષ કાર્યક્રમ દરેક હાઈસ્કૂલના અનોખા, SHSM સીલ ડિપ્લોમાની દિશામાં તે ક્ષેત્ર દ્વારા માન્ય પ્રમાણપત્રો કમાવા માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવે છે. વધુ જાણકારી મેળવવા, પોતાના માર્ગદર્શક કાઉન્સેલરને મળો અથવા www.peelschools.org/SHSM પર જાવ.

*રિજનલ પ્રોગ્રામ્સ*

પીલ બોર્ડ બધા ભણનારાઓની જરૂરિયાતોને પૂરી કરવા કટિબદ્ધ છે. એનો અર્થ એવો નથી કે વિદ્યાર્થીઓ વચ્ચેની વિભિન્નતાઓનો માત્ર હિસાબ રાખવો, પણ એવા અભિનવ કાર્યક્રમો પ્રસ્તુત કરવા જે પરંપરાગત વર્ગોથી આગળ વિસ્તૃત હોય. અમારા પ્રાદેશિક શિક્ષણ વિકલ્પો વિષે અને તેમની ઑફર ક્યાં કરવામાં આવે છે તે જાણકારી પીલ બોર્ડની વેબસાઇટ www.peelschools.org/RegionalPrograms. પર ઉપલબ્ધ છે.

*સમર અને નાઇટ સ્કૂલ*

સમર સ્કૂલ અને નાઇટ સ્કૂલની ક્રેડિટ્સની દરખાસ્ત પીલ બોર્ડના કન્ટિન્યૂઇંગ એજ્યુકેશન વિભાગ દ્વારા કરવામાં આવે છે. ક્રેડિટ્સની ઑફર પીલ અથવા ગેર-પીલ વિદ્યાર્થીઓને વર્ગમાં અથવા ઑનલાઇન આપવામાં આવે છે.

સમર સ્કૂલ વર્ગો વિષે પીલ બોર્ડની વેબસાઇટ www.peelschools.org/summerschool પર *કન્ટિન્યૂઇંગ એજ્યુકેશન- ક્રેડિટ સમર* સ્કૂલ પર જઈને વધુ જાણો.

નાઇટ સ્કૂલ માટે કેવી રીતે નોંધણી કરાવવી તેના વિષે પીલ બોર્ડની વેબસાઇટ www.peelschools.org/nightschool *કન્ટિન્યૂઇંગ એજ્યુકેશન- ક્રેડિટ નાઇટ* સ્કૂલ પર જઈને વધુ જાણો. નાઇટ સ્કૂલ માટેની નોંધણી દર વર્ષે સપ્ટેમ્બર અને જાન્યુઆરી/ફેબ્રુઆરીમાં કરવામાં આવે છે.

*ઇ-લર્નિંગ*

ઑનલાઇન ભણવું એક એવો વિકલ્પ છે જે વિદ્યાર્થીના વિભિન્ન સમયપત્રક, રસ અને શક્તિઓને બંધબેસતું હોઇ શકે છે. ઇ-લર્નિંગ ત્યારે વિકલ્પની માફક કાર્ય કરે છે, જ્યારે વિદ્યાર્થી પરંપરાગત સમયપત્રક દ્વારા કોઇ કોર્સને સુલભ નથી કરી શકતા. ઇ-લર્નિંગ વિષે વધુ જાણકારી www.peelschools.org/parents/programs/online પર ઉપલબ્ધ છે.

## સંસાધનો

www.makingmyway.ca

www.myBlueprint.ca/Peel

www.peelschools.org/parents/helpyourchild

www.edu.gov.on.ca/eng/document/policy/cps/creatingpathwayssuccess.pdf

## આપના પ્રશ્નોના ઉત્તર મેળવવા

- જો આપના પુત્ર અથવા પુત્રીના શિક્ષણ અંગે આપના કોઇ વિશિષ્ટ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો વાત કરવા યોગ્ય પ્રથમ વ્યક્તિ આપના કિશોર/કિશોરીના શિક્ષક છે.
- જો આપને વિશેષ મદદની આવશ્યકતા હોય અથવા વધુ સામાન્ય પ્રશ્નો હોય, તો આપની સ્કૂલના આચાર્ય આપને સહાય કરવા ઉપસ્થિત હોય છે.
- આપના સ્થાનિક સ્કૂલ ટ્રસ્ટી આપનાં હિતોનું પ્રતિનિધિત્વ કરવા માટે ચૂંટાયા હોય છે અને હંમેશાં આપનાં સૂચનો અથવા ચિંતાઓ સાંભળવા અને વિચાર વિમર્શ કરવા તૈયાર હોય છે. જો આપને પોતાના ટ્રસ્ટીનું નામ ખબર ન હોય, તો www.peelschools.org *Trustee* સેક્શન પર અથવા સ્કૂલની વેબસાઇટ પર જાવ.
- જો પાઠ્યક્રમ અંગે આપના સામાન્ય પ્રશ્નો હોય, તો બોર્ડના ક્યૂરિક્યુલમ એન્ડ ઇન્સ્ટ્રક્શન સપોર્ટ સર્વિસિસ વિભાગને 905-890-1010 (અથવા 1-800-668-1146) એક્સ્ટેન્શન. 2559 પર ફોન કરો.
- પાઠ્યક્રમની તમામ સામગ્રી આપના કિશોર/કિશોરીની સ્કૂલ પર ઉપલબ્ધ હોય છે. પાઠ્યક્રમના દસ્તાવેજો શિક્ષણ મંત્રાલયની વેબસાઇટ www.edu.gov.on.ca/eng/curriculum પર પણ ઉપલબ્ધ હોય છે.

**આ માર્ગદર્શિકા આ સૌના આર્થિક ટેકા દ્વારા શક્ય બની છે:**

## મેકિંગ માય વે

પાથ-વે કાર્યક્રમો અને કારકિર્દીની તકો શોધવા માટે www.makingmyway.ca પર જાવ.

## પૅરેન્ટ ઇન્વોલ્વમેન્ટ કમિટિ

એ જાણવા માટે કે માતા-પિતાની સહભાગિતાને આપ કેવી રીતે ટેકો અને પ્રોત્સાહન આપી શકો છો www.peelschools.org પર જાવ.

## પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ

અમે દરેક વિદ્યાર્થીમાં સફળતા, વિશ્વાસ અને આશાની પ્રેરણા જગવીએ છીએ.

www.peelschools.org
www.facebook.com/peelschools
www.twitter.com/peelschools